# JAAY AENE JAVADO BAHARNI HAVA KHAVADO LYRICS | MAHESH VANZARA

હા મેં તને આવી નતી ધારી
દિલની તું દગાળી
અરે ઓ બેવફા તું ગઈ છું મારો જીવ બાળી

હા મારા પ્રેમની ના કદર કરી
આખરે તું ગઈ ફરી
અરે ઓ બેવફા તું પડી ગઈ નજરથી મારી

હા જે છોડી જાય એ કદી આપડા નહી
હા જે છોડી જાય એ કદી આપડા નહી
જે આપડા હોય કદી છોડે નહી
જે જતું હોઈ એને તમે રજા રે આપી દો
હામે મળે જે રસ્તે એ રસ્તો રે કાપી દો

હા જાય એને જાવા દો બાહરની હવા ખાવા દો
હરી ફરી આવશે પાછા બહારનો હવાદ લેવા દો
હો જે છોડી જાય એ કદી આપડા નહી
જે આપડા હોય કદી છોડે નહી

હો ગુના જો એમના ગોતવા જાશો
હા દરિયાઓ ટૂંકા પડી જાશે
ગુના કરી બજારમાં ફરે છે તે તો ગુનેગાર છે
એ તો ગુનેગાર છે

હા આવા રાશી માણસોને દૂરથી હાથ જોડી દો
આવા પેટ મેલાનો તમે સંગ રે છોડી દો

હા જાય એને જાવાદો બાહરની હવા ખાવા દો
રોતારોતા આવશે પાછા બહાર ના હવાદ લેવા દો
હો જે સાથ છોડી જાય એ આપડા નહી
જે આપડા હોય સાથ છોડે નહી

હો વાલુ વાલુ મીઠું મીઠું બોલશે
પછી પ્રેમને પૈસાથી તોલશે
કુદરતથી એતો ક્યાં ડરે છે ખોટો એનો પ્યાર છે
ખોટો એનો પ્યાર છે

હો એનો ખોટો પ્યાર ખોઈને તમે રોવાનું છોડી દો
મળી મજાની આ જિંદગી મોજમજાથી જીવી લ્યો

હા જાય એને જાવાદો બાહરની હવા ખાવા દો
ભટકીને આવશે પાછા બહાર ના હવાદ લેવા દો
હો જે છોડી જાય એ કદી આપડા નહીં
જે આપડા હોય કદી છોડે નહીં.

GujaratiLyrics.com